જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૯/૨૦૧૪ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી ૨૩૫૮/૧૪

## દાહોદ જિલ્લાના ઘરફોડ ,લુંટ, ધાડ, ચોરીના ૨૦ જેટલા ગુનાઓમાં તેમજ વાઘોડીયા પોલીસ સ્ટેશન ના ડબલ મર્ડર કેસના આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ.

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ સેલ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઇન્સપેકટર એચ.એ.રાઠોડ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ.શ્રી જે.એમ.જાડેજા નાઓ મિલકત સબંધી ગુનાઓ શોધવા માટે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હકીકત મળેલ કે, **દાહોદ જિલ્લાના પોલીસ સ્ટેશનોના ઘરફોડ ચોરીના ૨૦ જેટલા ગુનાઓમાં તેમજ વાઘોડીયા પોલીસ સ્ટેશન ના ડબલ મર્ડર કેસનો નાસતો ફરતો આરોપી લલીત રૂપા પરમાર નાને બાતમી હકીકત આધારે પકડી આજરોજ અટક કરવામાં આવેલ છે.**

**સદરી આરોપીની પુછપરછ દરમ્યાન આરોપીએ તેના** મિત્રો નામે વિનું તેરસિંગ જાતે ભાભોર, કાંતી તેરસિંગ જાતે ભાભોર, માદો ઉર્ફે વકીલ તેરસિંગ જાતે ભાભોર, સરદાર રત્નાભાઈ ભાભોર નાઓએ ભેગા મળીને દાહોદ **જીલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશનો ખાતે ઘરફોડ, લુંટ, ધાડ, ચોરી ના ગુનાઓ આચરેલ છે. જેમાં** દાહોદ ટાઉન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૮૮/૨૦૧૩ ઇપીકો કલમ ૩૯૪ ૩૯૫ માં નાસતો ફરતો છે **તેમજ વાઘોડીયા પોલીસ સ્ટેશન કેસ ફ.ગુ.નં ૧૧/૨૦૧૩ ઇપીકો કલમ ૩૦૨, મુજબના ગુનામાં ડબલ મર્ડર નો નાસતો-ફરતો આરોપી છે તેમજ સદરી આરોપી** આજથી ચાર વર્ષ પહેલાં ઝાલોદ પોલીસ સ્ટેશન માં ઘરફોડના ત્રણ ગુનામાં તથા ગરબાડા પોલીસ સ્ટેશનમાં ઘરફોડના નવ ગુનામાં પકડાયેલ છે. સદરી આરોપી છેલ્લે ૨૦૧૧ માં પકડાયેલ હતો ત્યારબાદ નાસતો ફરે છે તથા સદરી આરોપીએ અમદાવાદ શહેરમાં ઓઢવ તથા નરોડા પોલીસ સ્ટેશનમાં પણ ઘરફોડ ચોરીઓ કરેલાનું કબુલે છે. સદરી આરોપી ધોરણ- ૫ સુધીનો અભ્યાસ કરેલ છે અને સદરી આરોપી ચાંગોદર ખાતે કડીયા કામ કરતો હતો અને નામ બદલી પોતાની ઓળખ છુપાવતો હતો.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.